## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




એમ.ઓ.યુ.ની ફેશ જતી રહી લાગે છે...!!

## વાત-વાતમાં.....

- ''નમસ્તે ટ્રમ્પ'' કાર્યક્રમને પગલે સચિવાલયોમાં કર્મચારીઓ-મુલાકાતીઓની હાજરી પાંખી જોવા મળી હતી. નવા સચિવાલયના કેટલાક બ્લોકમાં તો બેમાંથી એક લીફ્ટ બંધ રાખીને વિજળીના બચાવનું આવકાર્ય પગલુ લેવામાં આવેલુ જોવા મળ્યું હતું.
- રવિવારે શહેરમાં ચાર વ્યક્તિઓને કૂતરાં કરડ્યાં હોવાની ઘટના બની હતી જેમાં સરગાસણ અને વાવોલના યુવાનોનો સમાવેશ થાય છે. ચારેય વ્યક્તિઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.
- ગાંધીનગરના કોલવડા ખાતે સ્થિત સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજમાં ફરજ બજાવતા એક આધેડ પ્રાધ્યાપકે કોલેજની એક વિદ્યાર્થીની તરફ એક તરફી પ્રેમમાં ભાન ભુલીને તેણીને લગ્નની ઓફર કરી હોવાની વાતો ચર્ચાઈ રહી છે. આ ઘટનાને સંદર્ભે કોલેજના આચાર્ય દ્વારા કમિટી બનાવી તપાસ હાથ ધરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ''નમસ્તે ટ્રમ્પ''ના પગલે પાટનગરમાં અસંખ્ય મુસાફરો અટવાયાં

### મોટેરા સ્ટેડિયમ માટે ૧૩૦ એસટી બસો ફાળવી હોવાથી અનેક રૂટ રદ કરાયાં : ગ્રામ્ય વિસ્તારના રૂટ રદ થતાં મુસાફરોને હાલાકી : સચિવાલયના કર્મચારીઓ અને શાળાના બાળકો પણ રઝળ્યા

ગાંધીનગર, તા. ૨૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમદાવાદ આવતાં અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત સમસ્ત સરકારી તંત્ર તથા નાગરિકોએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમનું અભૂતપૂર્વ સ્વાગત-અભિવાદન કર્યુ હતુ. જો કે ટ્રમ્પની આ મુલાકાતને પગલે ગાંધીનગરમાં અસંખ્ય મુસાફરો આજે રઝળી પડ્યાં હતા તેમજ ઘણા કર્મચારીઓ ઓફિસોમાં પહોંચી ના શકતા સરકારી કાર્યાલયોમાં પણ કામકાજ પર અસર પડી હતી. ન્યુ ગાંધીનગર વિસ્તારની અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પાંખી જોવા મળી હતી.

પાટનગરના એસટી ડેપોમાંથી ૧૩૦ બસો ''નમસ્તે ટ્રમ્પ'' કાર્યક્રમ માટે ફાળવી દેવાઈ હોવાથી આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર સહિતના અનેક રૂટ રદ કરી દેવામાં આવ્યાં હતા જેના પગલે પથિકાશ્રમ એસટી ડેપો પર મુસાફરોની ભીડ જોવા મળી હતી. જે રૂટ ચાલુ હતા તે બસો પણ ચિક્કાર મુસાફરોથી ખીચોખીચ ભરેલી જોવા મળી હતી અને અંતરિયાળ વિસ્તારના રૂટ રદ થયાં હોવાથી અનેક મુસાફરો અટવાઈ પડ્યાં હતા. જેમણે નાછુટકે ખાનગી વાહનોનો સહારો લેવો પડ્યો હતો. ખાનગી વાહનચાલકોએ પણ કેટલાક રૂટ પર લાગ જોઈને વધુ ભાડા વસુલી ધંધો કરી લેવાની વૃત્તિ અપનાવી હોવાથી મુસાફરોને વધુ પરેશાનીના ભોગ બનવું પડ્યુ હતુ. બીજી તરફ ઘણા બધા નિયત રૂટ રદ થઈ જતાં અનેક સરકારી કર્મચારીઓ પણ ઓફિસે પહોંચી શક્યા નહોતા અથવા મોડા પડ્યા હતા જેના કારણે સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી પર અસર પડી હતી.

શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તાર જેમાં કુડાસણ, રાયસણ, રાંદેસણ, ભાઈજીપુરા, કોબા તથા સરગાસણ વગેરે વિસ્તારની ઘણી બધી સ્કૂલોમાં પણ ''નમસ્તે ટ્રમ્પ'' કાર્યક્રમને પગલે અમદાવાદના ગાંધીનગર તરફના વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓ સ્કૂલબસો આવી ના શકતા હાજરી પર અસર પડી હતી. કેટલીક શાળાઓએ તો અગાઉથી રજા જાહેર કરી દીધી હતી જ્યારે જે શાળાઓ ચાલુ હતી તેના વિદ્યાર્થીઓ-વાલીઓ રસ્તામાં અટવાયાં હોવાની સ્થિતિ સર્જાઈ હતી જેના કારણે આ વિસ્તારની શાળાઓમાં પણ હાજરી પાંખી જોવા મળી હતી. વાલીઓએ ગત રાત્રીથી આજે સવાર સુધી શાળા ચાલુ રહેશે કે બંધ તે અંગે પૃચ્છા કરવા ફોન પર ફોન કર્યા હતા. ઘણા કિસ્સામાં બાળકને તૈયાર કરીને રોડ સુધી લઈ ગયા પછી સ્કૂલ બસ જ ના આવતા બાળકને પાછુ ઘરે લઈ જવું પડ્યુ હોય તેવી સ્થિતિ પણ સર્જાઈ હતી.



#### નમસ્તે ટ્રમ્પ... ટોક ઓફ ધ ટાઉન..!!!

પાટનગરમાં ચૌરે-ચૌટે, પાનના ગલ્લે, ચાની કિટલીઓ, બસસ્ટેન્ડે, ઓફિસો-દુકાનો દરેક જગ્યાએ ચાલતી મિત્રોની વાતચીતનો એક જ મુદ્દો હતો ''ટ્રમ્પની મુલાકાત'' કોઈ આ કાર્યક્રમ પાછળ થઈ રહેલા લખલૂટ ખર્ચાની ટીકા કરી રહ્યું હતું તો કોઈ નરેન્દ્ર મોદીના વિઝનની વાતો કરી રહ્યુ હતુ. ગૃહિણીઓ પણ અડોશ-પડોશમાં ટ્રમ્પ-મોદી મુલાકાતની જ ચર્ચા કરતી જોવા મળી હતી.

#### લગ્નસમારંભના આયોજકો-મહેમાનો પણ અટવાયા..!!

શહેરમાં લગ્નગાળાની સીઝન ચાલી રહી હોવાથી ઘણા બધા લગ્નોના આયોજનો થયેલા જોવા મળી રહ્યાં છે. લગ્ન સમારંભોમાં કે વરઘોડા, મામેરૂ કે ગ્રહશાંતિ જેવા પ્રસંગોએ હાજરી આપવા જતા-આવતા મહેમાનો પણ 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમના બંદોબસ્ત તેમજ રદ કરાયેલી એસટી બસોને પગલે અટવાઈ પડ્યા હતા. ખાસ કરીને ઈન્દિરાબ્રીજથી ભાટ સર્કલ આસપાસના વિસ્તારોના પાર્ટી પ્લોટોમાં આયોજિત લગ્ન સમારંભોના યજમાનો-મહેમાનોને ભારે પરેશાનીના ભોગ બનવું પડ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના જીસીઆરટી ભવન ખાતે એક ઓપન એર થિયેટરનું નિર્માણ ગણત્રીના કલાકોમાં થયુ અને તેમાંય વિશેષતા એ છે કે આ ઓડિટોરિયમ માટે ઉપયોગમાં લેવાયેલ માટી રાજયના તમામ જિલ્લાઓમાંથી બાળ કલાકારો લઈને આવ્યા હતા.
- આજે મોટેરા સ્ટેડિયમ નમસ્તે ટ્રમ્પ અને ઈન્દિરા સર્કલથી ભાટ-કોટેશ્વર મોટેરાના માર્ગ પર યોજાયેલ રોડ શો માં જિલ્લાના અધિકારીઓ ખડે પગે રહ્યા હતા.
- આજે ગાંધીનગરથી બસમાં કેન્દ્રીય મંત્રીઓ પુરૂષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા, સૌરભ પટેલ (દલાલ), વિભાવરીબેન દવે, ધારાસભ્ય બા.જ. પટેલ, રમણભાઈ પટેલ વગેરેએ બસમાં મુસાફરી કરી અને મોટેરા સ્ટેડિયમ પહોંચ્યા હતા.
- માણસા ખાતે કિસાન ક્રેડિટ કાર્ડ અંગેના મેગા કેમ્પ બાદ આજે દહેગામ એ.પી.એમ.સી. ખાતે પણ આવા જ મેગા કેમ્પનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર શહેરમાં સૌથી મોટા વહીવટીય સંકુલ સચિવાલયમાં આજે ઘણા કર્મયોગીઓ રસ્તાઓ બંધના જાહેરનામાને કારણે ઓફિસ પહોંચવામાં મોડા પડ્યા હતા.

## નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમની કેટલીક વણકથી વાતો

ગાંધીનગરના સીમાડે આવેલ મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાયેલ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ અતિ ભવ્યાતિભવ્ય રીતે યોજાયો હતો. ૧૨ વાગ્યા સુધીમાં ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં ગરમીના કારણે કેટલાક લોકો ડીહાઈડ્રેશનનો ભોગ બન્યા હતા. જેને લઈ ૧૦ લોકો બેભાન પણ થઈ ગયા હતા. કેટલાકને ઉલ્ટીઓ થઈ હતી. આ બધાને ૧૦૮ મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્ટેડિયમમાં ૧૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ રાખવામાં આવી હતી.

- **અમેરિકાના પ્રમુખે તેમના દેશની બહાર પહેલીવાર રોડ શો કર્યો**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ભારતના પ્રથમ પ્રવાસમાં અમદાવાદ આવી પહોંચ્યા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિની આ ૨૪મી વિદેશયાત્રા છે. રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યક્રમનું આ છેલ્લુ વર્ષ છે.

અમદાવાદ ખાતે પ્રથમવાર વડાપ્રધાન મોદીએ કોઈ રાષ્ટ્રધ્યક્ષ સાથે રેલી કરી હતી. તો ડોનાલ્ડ ટ્રમ્પે પણ અમેરિકા બહાર પહેલી વખત રેલી અને રોડ શો કર્યો.

- **ટ્રમ્પના હસ્તાક્ષર બોલે છે...**

ગાંધી આશ્રમની મુલાકાત પછી વિઝીટર બુકમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને મલાનિયાના હસ્તાક્ષર આવતાં જ રસપ્રદ ચર્ચાઓ હસ્તાક્ષર નિષ્ણાતો દ્વારા થવા પામી છે.

તેમને સારા વિચારક અને સર્વગ્રાહી વિશ્લેષક બતાવ્યા છે. તેમને દલીલબાજીમાં અને વાદ-વિવાદમાં મજા આવે છે. આ બન્ને હસ્તાક્ષર જોતાં તેઓ કોઈપણ નિર્ણય ઝડપથી લઈ લે છે તેવુ અનુમાન પણ આ નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યુ છે.

- **મોટેરા સ્ટેડિયમમાં ટ્રમ્પે ૨૭ મિનિટ તો મોદીએ ૨૧ મિનિટમાં બે ભાષણ આપ્યા**

અમેરિકાના રાષ્ટ્રકપતિ ડોનાલ્ડ ટ્રમ્પના માનમાં યોજાયેલ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં અમેરિકન રાષ્ટ્રપતિએ ૨૭ મિનિટ પ્રવચન કર્યુ હતુ. જ્યારે ભારતના વડાપ્રધાન મોદીએ ૨૧ મિનિટમાં બે ભાષણ કર્યા હતા.

અમેરિકન પ્રેસિડેન્ટે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ૪ વખત વડાપ્રધાન મોદીને ભેટ્યા હતા અને પાંચ વખત હસ્તધૂનન કર્યા હતા.

મોટેરા સ્ટેડિયમમાં ટ્રમ્પે ભાષણમાં ૫૦ વખત ઈન્ડિયા અને ૨૩ વખત અમેરિકાનું નામ લીધુ હતુ તો મોદીએ ૪૧ વખત ભારતનું અને ૨૯ વખત અમેરિકાનું નામ લીધુ હતુ.

- **ટ્રમ્પના ભાષણમાં પાંચ નામનું ખોટુ ઉચ્ચારણ**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૭ મિનિટના પ્રવચનમાં ભારતની પાંચ વિભૂતીઓના નામના ખોટા ઉચ્ચારણો કર્યા હતા પરંતુ લોકોએ તેમને વધાવી લીધા હતા.

તેમણે સ્વામી વિવેકાનંદ, સચિન ટેંડુલકર, વિરાટ કોહલી, વેદો અને શોલે ફિલ્મના ઉચ્ચારણોમાં ભૂલો કરી હતી.

- **ભારત એ ક્રિએટીવ લોકોનું હબ છે : ટ્રમ્પ**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત એ ક્રિએટીવ લોકોનું હબ છે તેમ કહી દેશમાં બનતી ૨૦૦૦ ફિલ્મોનો આધાર લીધો હતો. તેમણે કહ્યુ કે બોલીવુડ તરીકે ઓળખાતા આ વિશ્વની વાતો ન્યારી છે.

દુનિયાભરમાં લોકો અહિના ભાંગડા, સંગીત, નૃત્ય, રોમાન્સ અને ડ્રામાની મજા માણે છે.

## હાસ્ય વિનાની ગંભીરતા અને ગંભીરાતા વિનાનું હાસ્ય નિરર્થક : શાહબુદ્દીનભાઈ

### જીસીઆરટી ખાતે રાજ્યકક્ષાના યોજાયેલ કલાઉત્સવમાં શાહબુદ્દીનભાઈનું પદ્મશ્રી મળતાં સન્માન કરાયુ : જીસીઆરટીમાં ઓપન એર થિયેટર નિર્માણ કરાયુ

ગાંધીનગર, તા. ૨૪

હાસ્ય વિનાની ગંભીરતા અને ગંભીરતા વિનાનું હાસ્ય નિરર્થક છે તેમ પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડે ગાંધીનગરના જીસીઆરટી ખાતે યોજાયેલ કલા ઉત્સવના પ્રારંભે કહ્યું હતું.

પદ્મશ્રીથી સન્માનિત થયેલ શાહબુદ્દીનભાઈનું આ પળે વિશેષ સન્માન જીસીઆરટી દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કલા ઉત્સવને રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખુલ્લો મુક્યો હતો.

શાહબુદ્દીનભાઈએ તેમની હળવી શૈલીમાં વ્યક્તી ઘડતર, સમાજ ચિંતનની વાતો કરી સૌને મોહી લીધા હતા. તેમણે અબ્રાહમલિંકન, હેનરી ફોર્ડ, ગાંધીજી, બસબ્રેક, મોનાલીસા સહિત અનેક જીવનના હાસ્યપ્રયોગો કહી જીવન ઘડતરની વાત રજુ કરી હતી.

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પર્ફોમન્સ લર્નિંગ ઈન્ડેક્ષમાં ગુજરાતે મેળવેલ બીજા ક્રમને બિરદાવી શિક્ષણના પરિવારનું ગૌરવ લેખાવ્યુ હતુ. તેમણે બાળકોના સર્વાંગી વિકાસ થવો જોઈએ શિક્ષણ થકી સંસ્કાર સિંચન અને બાળકમાં પડેલી શક્તિઓને ઉજાગર કરવામાં આવે તેના પર તેમણે ભાર મુક્યો હતો.

શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે શિક્ષણમાં ગુણાત્મક સુધાર માટે અનેકવિધ પગલાં લેવામાં આવ્યા છે હવે શિક્ષણ પરિવારની જવાબદારી વધી છે.

તેમણે આ કલા ઉત્સવમાં ભાગ લેવા આવેલા સ્પર્ધકોને શુભકામના આપી અને તૈયાર કરાયેલ ઓપન એર થિયેટર માટે અભિનંદન પણ આપ્યા હતા.

આ કલા ઉત્સવમાં ચિત્રસ્પર્ધા, કાવ્યલેખન, કાવ્યપઠન, વક્તૃત્વ સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉત્સવને સફળ બનાવવા માટે ટી.એસ. જોશી, બીનાબેન દેસાઈ, પ્રજ્ઞાબેન શર્મા, ભરતભાઈ અગ્રાવત, રાજેન્દ્રભાઈ વસાવા, રીનાબેન, અનવરભાઈ, રાજેન્દ્રભાઈ રાવલ સહિતના સૌ ખભેખભા મિલાવી જહેમત ઉઠાવી રહ્યા છે.




### તન, મન અને ધનથી સમૃધ્ધ કેવી રીતે થવાય તે અંગે સેમિનાર

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજીત દિવાયન યોગા નેચરોપેથી સેન્ટર અને જિલ્લા એનસીડી સેલ, જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે આજરોજ ડાયાબિટીસનો ફ્રી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.દીવાયન નેચરોપેથી સેન્ટર સેકટર-૭ ખાતે આયોજનમાં સ્ક્રીનીગમાં કુલ ૧૧૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા માર્ગદર્શન હેઠળ જીવન જીવવાની જીવનશૈલી ઉપર જીવવુ તેમજ ચિરાગ જાની હોલીસ્ટીક લાઈફ કોચ દ્વારા તન, મન, અને ધનથી સમૃદ્ધ કેવી રીતે થવાય તેનું માર્ગદર્શન આપ્યું હતું.

## ગાંધીનગરના ડો. આલોક ગુપ્તાની સાહિત્ય અકાદમીના અનુવાદ પુરસ્કાર માટે પસંદગી

ગાંધીનગર તા. ૨૪

ગાંધીનગરની સેન્ટ્રલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તથા જાણીતા હિન્દી સાહિત્યકાર ડો. આલોક ગુપ્તાને નવી દિલ્હીની સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૯ના અનુવાદ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. ડૉ. ડોકટર આલોક ગુપ્તાને આ પુરસ્કાર સરસ્વતી ચંદ્રના ભાગે એકથી ચારના અનુવાદ સંસ્કરણ માટે જ જાહેર કરવામાં આવ્યો છે.



ડૉ.આલોક ગુપ્તા સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના રજિસ્ટ્રાર હોવા સાથે હિન્દી વિભાગના વડા છે. અને ગુજરાતીથી હિન્દી અને હિન્દીથી ગુજરાતી અનુવાદનાં ૧૨ પુસ્તકો સહિત તેમના કુલ ૨૫ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે તેઓ અનુવાદ સંપાદન તથા લેખન ક્ષેત્રે કાર્યરત હોવા સાથે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં બોર્ડ મેમ્બર તરીકે સેવાઓ આપી ચૂકયા છે. જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીના પીએચડીના સૌપ્રથમ વિદ્યાર્થી હોવાનું ગૌરવ પ્રાપ્ત કરનાર ડૉ. આલોક ગુપ્તા મૂળ ઉત્તર પ્રદેશના સિરસાગંજના વતની છે અને વર્ષ ૧૯૭૬થી ગુજરાતના મહેસાણામાં સ્થાયી થયાં છે. ડૉ. આલોક ગુપ્તાને વર્ષ ૨૦૧૮માં ગુજરાત સાહિત્ય ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. તેઓ ગાંધીનગરમાં હિન્દી સાહિત્ય ક્ષેત્રે કાર્યરત સંસ્થા ગુર્જર ભારતીના અધ્યક્ષ હોવા સાથે રોટરી કલબ જેવી સંસ્થા સાથે સંકળાયેલા છે. તેઓએ ૧૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં તજજ્ઞ તરિકે પણ સેવા આપી છે.

## ઉનાવાના જશીબેનને વિસત પાસે એક્ટીવાચાલકે અડફેટે લીધા

ગાંધીનગર, તા. ૨૪

આજે મોટેરા સ્ટેડિયમ પર યોજાયેલ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમના આરંભ પૂર્વે ઉનાવાના જશીબેન પટેલ વિસત પાસેથી ચાલતા જઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ચાલકે તેમને હડફેટે લીધા હતા. જશીબેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને પગમાં નાનુ ફ્રેક્ચર જણાયુ હતુ.

## જિલ્લાની ૧૪૫ શાળાઓમાં પર્યાવરણ પ્રયોગશાળાના નવતર પ્રકલ્પના અમલ થકી શાકભાજીનું મબલક ઉત્પાદન થયુ

### ગાંધીનગર શહેરની એક, ગાંધીનગર ગ્રામ્યની ૨૫, દહેગામની ૩૬, માણસાની ૨૮ અને કલોલની ૫૫ શાળાઓમાં અમલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની ૧૪૫ પ્રાથમિક શાળાઓમાં પર્યાવરણ પ્રયોગશાળાઓ કાર્યરત કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેરની એક શાળા, ગાંધીનગર ગ્રામ્યની ૨૫, દહેગામની ૩૬, માણસાની ૨૮ અને કલોલની ૫૫ શાળાઓનો સમાવેશ થાય છે.

મહાત્મા ગાંધીના પર્યાવરણવાદી વિચારોનું સંવર્ધન કરવા અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના માધ્યમથી પર્યાવરણ વિષયક જાગૃતિ ઉભી થાય તે માટે આ નવતર પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે.

આ પ્રકલ્પ અંતર્ગત બાળકો બિનરાસાયણિક ખાતરથી બાગાયતી પાકો, શાકભાજી, કઠોળ તથા રોજીંદા જીવનમાં ઉપયોગી મસાલા પાકોનું ઉત્પાદન કરવાની સમજનું નિર્માણ કરવાનો રહેલો છે.

પર્યાવરણની જાળવણી કરી તે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખેતી કરવાની પદ્ધતીની સમજનું પણ નિર્માણ કરવાનો ઉદ્દેશ્ય રહ્યો હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ નગર પ્રા. શાળા નં. ૯માં તો આ પ્રકલ્પ એટલો લોકપ્રિય બની ગયો છે કે ત્યાં હવે હર્બલ ગાર્ડન ડેવલપ કરવા માટેની વિચારણા હાથ ધરાઈ છે.

બાળકો દ્વારા શાળાના ખુલ્લા મેદાનમાં ગ્રીનહાઉસ મોડેલના નિર્માણ માટેની પણ કવાયત બે થી ત્રણ શાળાઓ દ્વારા હાથ ધરાઈ હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

શાળાઓમાં જ ઉત્પન્ન થતા શાકભાજીના પાકોનું બાળકોને તેમના ઘરમાં વપરાય તેટલુ શાક કેટલીક શાળાઓ દ્વારા વિના મૂલ્યે આપવામાં આવી રહ્યું હોવાનું પણ જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

જિલ્લામાં પર્યાવરણ પ્રયોગશાળા પ્રકલ્પ સફળ રહ્યો હોવાનો દાવો પણ તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

## માહિતી ખાતાના કર્મયોગીઓએ ડ્રેસકોડ સાથે ફરજ બજાવી

ગાંધીનગર, તા. ૨૪

મોટેરા સ્ટેડિયમ ખાતે આજે યોજાયેલ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ પત્રકારોએ કવરેજ કર્યુ હતુ. આજના આ કાર્યક્રમમાં સૌથી આંખે ઉડીને વળગે એવી વાત એ હતી કે માહિતી કમિશ્નર કાલરિયા સહિતના તમામ કર્મયોગીઓએ વ્હાઈટ શર્ટ અને બ્લ્યુ જીન્સના ડ્રેસકોડ સાથે તેમની ફરજો બજાવી હતી. આ કાર્યક્રમ માટે ખાસ મદદમાં મુકાયેલ વડોદરા મ્યુનિ. કમિશ્નર અને પૂર્વ માહિતી કમિશ્નર નલીન ઉપાધ્યાય પણ ડ્રેસકોડમાં જ જોવા મળ્યા હતા. મળેલ માહિતી મુજબ સંયુક્ત માહિતી નિયામક ડૉ. અરવિંદ પટેલે આ વિચાર તમામ કર્મયોગીઓ સમક્ષ રજુ કર્યો હતો અને બધાએ તેનુ પાલન કરી એક સૂત્રતા બતાવી હતી.

## માણસાના ભાઈ કહ્યા વિના ગાંધીનગર આવી પહોંચતાં તંત્ર દોડ્યુ

મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાયેલ નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમમાં ભાગ લેવા માણસાના એક ભાઈ એસ.ટી.ના રૂટ મારફતે સ્ટેડિયમ પહોંચ્યા હતા. આ પછી તેમને કોઈ કામ આવતાં નિયત સમય કરતાં વહેલા નીકળી ગાંધીનગર પહોંચી ગયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયે રૂટ સુપરવાઈઝરે એક વ્યક્તી આવી ન હોવાનું અધિકારીઓને જણાવ્યું હતું. આ પછી અધિકારીઓએ રૂટ સુપરવાઈઝર પાસેથી પેલા ભાઈનો ફોન નંબર લઈ તેમની સાથે વાત કરી હતી. આ પછી બસ ઉપાડવા માટેની છૂટ આપી હતી.

## જિલ્લાના પરિક્ષા કેન્દ્રો ખાતે પ્રશ્નપત્રો આપવા ૧૩૦ બસો દોડાદોડી કરશે

ગાંધીનગર, તા.૨૪

૫ માર્ચ થી ધોરણ-૧૦ અને ધો-૧૨ ના વિદ્યાર્થીઓની પરિક્ષા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવશે. ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર સહી સલામત પ્રશ્નપત્રો સરળતાથી પહોંચી શકે તે માટે એસટી તંત્ર દ્વારા સુવિધા પુરી પાડવામાં આવી છે. જેમાં એસટી તંત્રની ૧૩૦ જેટલી બસો જિલ્લાના નિયત કરેલા કેન્દ્રના રૂટ પર ફરશે અને પ્રશ્નપત્ર સ્થળ પર પહોંચતા કરશે.

બોર્ડની પરિક્ષાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તા.૫ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોની પરિક્ષાનો પ્રારંભ થનાર છે. ત્યારે બોર્ડ દ્વારા પરિક્ષાને લગતી મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે પરિક્ષાના કેન્દ્રો સુધી પ્રશ્નપત્ર સુરક્ષિત પહોંચી શકે તે માટે તંત્ર દ્વારા ઝીણવટભર્યુ આયોજન હાથ ધરાયુ છે. જેને પગલે પરિક્ષા પહેલા તમામ કેન્દ્રોના રૂટ પર એસટી બસ દ્વારા પ્રશ્નપત્રોને બંદોબસ્ત સાથે કેન્દ્ર પર પહોંચાડવા માટે એસટી તંત્ર સાથે સંકલન કરાયુ છે. ગાંધીનગર શહેરી વિસ્તાર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પરિક્ષા કેન્દ્ર સુધી પ્રશ્નપત્ર સલામત રીતે પહોંચે તે માટે જિલ્લાના વિવિધ ડેપો દ્વારા બસોની ફાળવણી કરવામાં આવી છે.ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસાની બસો આ કામગીરીમાં આવનજાવન કરશે. તા. ૨૯ ફેબ્રુઆરી થી તા.૩ માર્ચ સુધીમાં જિલ્લાના તમામ પરિક્ષા કેન્દ્રો સુધી પ્રશ્નપત્રોને બંદોબસ્ત સાથે બસ દ્વારા પહોંચાડવાનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરાયુ છે.

## બાસણ માર્ગ પર પાણીની ટાંકી પાસે જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામની સીમમાં બાસણ તરફ જતા માર્ગ પર પાણીની ટાંકી પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શખ્સોમાંથી એક ઝડપાયો હતો. જયારે બે શખ્સો ભાગી જવામાં સફળ રહ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના જવાનો પોલીસ પેટ્રોલીંગમાં હતા, તે સમયે કોન્સ્ટેબલ સંજયકુમારને જુગાર અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે પાલજની ભાગોળ નજીક પાણીની ટાંકી પાછળ જુગાર રમી રહેલા કૌશિકસિંહ દિલિપસિંહ બિહોલા (ઉં.વ.૨૮ નવા પાલજ)પકડાઈ ગયો હતો. જયારે પ્રદિપ હરીભાઈ ચાવડા (નવા પાલજ) તેમજ પ્રદિપસિંહ રણજીતસિંહ બિહોલા (જુના પાલજ)ભાગી ગયા હતા. જયારે પોલીસે દાવ પરથી રૂ.૪૭૦ અને અંગજડતી દરમિયાન રૂ.૮૩૦ અને એક મોબાઈલ મળીને કુલ રૂ.૧૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### બાસણ ગામે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

બાસણ ગામની પ્રાથમિક શાળા ખાતે આજે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ અને એએફએસના સહયોગથી જિલ્લા એનસીડી સેલ ગાંધીનગર દ્વારા સવારે ૯ થી ૧૨ દરમિયાન મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦ થી વધુ ગ્રામજનોએ મેડીકલ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં હાઈબ્લડપ્રેશર, ડાયાબિટીસ, ઓર્થોપેડિક, ફિઝીયોથેરાપી હોમિયોપેથિ સહિત આંખના નંબરનુ નિદાન કરવામાં આવ્યું હતું. જયારે લાભાર્થીઓને વિવિધ આંખના નંબરના ચશ્મા રાહતદરે આપવામાં આવ્યા હતા. કેમ્પમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો, એનસીડી સેલના અધિકારી-કર્મચારીઓ સહિત એએફએસનો સાથ અને સહકાર સાંપડ્યો હતો.